# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ અને મિશન મંગલમ, તાલુકા પંચાયત, સંજેલીના સંયુક્ત ઉપક્રમે વૈજ્ઞાનિક મરઘાંપાલનની શિબિર યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ અને મિશન મંગલમ, તાલુકા પંચાયત, સંજેલીના સંયુક્ત ઉપક્રમે તા.૧૪/૦૯/૨૦૧૮ના રોજ તાલુકા પંચાયત, સંજેલી ખાતે વૈજ્ઞાનિક મરઘાંપાલન વિષય અંતર્ગત સી.આર.પી. શિબિરનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત શ્રીમતી મંજુલાબેન પરમાર (ટી.એલ.એમ. મિશન મંગલમ, તાલુકા પંચાયત, સંજેલી)એ પ્રાસંગિક ઉદ્દબોધન અને સખી મંડળની બહેનોને કે.વિ.કે., આ.કૃ.યુ. દાહોદના વૈજ્ઞાનિકોનો પરિચય કરાવેલ. ત્યારબાદના સત્રમાં ડૉ. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુપાલન)એ વૈજ્ઞાનિક મરઘાંપાલનને લગતી તમામ તાંત્રિકતા વિશે વિસ્તૃત માહિતી મહિલા ખેડૂતોને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સમજાવી. ત્યારબાદ પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ સખી મંડળની બહેનોને તેમના જુથોનું સંચાલન તેમજ મરઘાંપાલનને સંલગ્ન ગૃહ ઉદ્યોગો વિશે માહિતી આપેલ.

મધ્યાહ્ન બાદના સત્રમાં પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ મરઘાં ઉછેર માટેના પોષણ આહારને લગતા પાકો તેમજ મરઘાંના ચરકનું ખાતરનું મહત્વ સમજાવેલ. કાર્યક્રમના અંતમાં સંજેલી તાલુકાના ભામણ ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત શ્રીમતી કુલવંતીબેનની સખી મંડળની બહેનો સાથે પોતાના મરઘાંપાલન વ્યવસાય અંગે ચર્ચા કરેલ. ચર્ચા દરમિયાન તેમણે કે.વિ.કે., આ.કૃ.યુ., દાહોદના સંપર્કથી આજે તેઓ સફળતાપુર્વક મોટા પાયે મરઘાંપાલન કરી રહ્યા છે તે તમામ બાબતો ખુબજ ઉંડાણપુર્વક સખી મંડળની બહેનો સમક્ષ રજુ કરી. પ્રોત્સાહિત મહિલા ખેડૂતોએ અંતમાં વૈજ્ઞાનિકો અને કુલવંતીબેન સાથે ખુબ જ ઉંડાણપૂર્વક ચર્ચા કરી અને ભવિષ્યમાં વૈજ્ઞાનિક રીતે મરઘાંપાલન વ્યવસાય અપનાવશે તેવો પ્રતિભાવ આપેલ. આ કાર્યક્રમમાં જુદા જુદા ગામોથી કુલ ૧૫ સખી મંડળની ૧૩૧ બહેનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ.


શ્રીમતી મંજુલાબેન પરમારનું ઉદ્દબોધન


ડૉ. આર. રાધા રાનીનું ઉદ્દબોધન


પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન


પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન


શ્રીમતી કુલવંતીબેનનું ઉદ્દબોધન


મરઘાંની કડકનાથ જાતનું નિદર્શન